**ક્રમાંક–૧૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**શનિવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહિર અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

શનિવાર, તા.૧૧ મી માર્ચ, ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીના પ્રશ્ન અગ્રતાક્રમ–૪ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૧૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૦૦ કલાકે પૂરો થયો.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૨) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ મો. દેસાઇ**

(૩) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૪) ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૫) નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૭) ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળના સન ૨૦૧૯–૨૦થી સન ૨૦૨૧–૨૨ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ સન ૨૦૧૯–૨૦ અને સન ૨૦૨૦–૨૧ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૮) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ

**માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

૩. **અનુમતિ મળેલ વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ (બીજા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક–૧, ૨ અને ૩ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

૪. **વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન**

માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાણામંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

શરૂઆતમાં માનનીય નાણામંત્રીશ્રીએ સન ૨૦૦૭–૨૦૦૮, ૨૦૦૮–૨૦૦૯ અને ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) ની સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૫, ૮, ૯,૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૪, ૫૦, ૫૧, ૫૩, ૫૫, ૫૭, ૬૧, ૬૨, ૬૪, ૬૬,૭૩, ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૫ રજૂ કરી.

ત્યારબાદ સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૫, ૮, ૯,૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૮,૨૧,૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૧,, ૪૪, ૫૦, ૫૧, ૫૩, ૫૫, ૫૭, ૬૧, ૬૨, ૬૪, ૬૬,,૭૩, ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૦૮–૨૦૦૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૫, ૮, ૯, ૧૩, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૮, ૬૨, ૬૬, ૭૩, ૭૯, ૮૦, ૮૧, ૮૬, ૮૭, ૧૦૪ અને ૧૦૬ રજૂ કરી.

ત્યારબાદ સન ૨૦૦૮–૨૦૦૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૫, ૮, ૯, ૧૩, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૮, ૬૨, ૬૬, ૭૩, ૭૯, ૮૦, ૮૧, ૮૬, ૮૭, ૧૦૪ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૯, ૨૬, ૬૬, ૬૮, ૭૩, ૮૭ અને ૮૮ રજૂ કરી.

ત્યારબાદ સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૯, ૨૬, ૬૬, ૬૮, ૭૩, ૮૭ અને ૮૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૫. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રો–રેટા સિસ્ટમ દૂર કરવા અંગે**

માગણીઓ પર ચર્ચા અને મતદાન વખતે અમારા પક્ષની સભ્ય સંખ્યા ઓછી હોવાથી પ્રો–રેટા મુજબ સમય ન ફાળવવા અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૬ અને નિયમ–૩૩ પ્રમાણે અધ્યક્ષશ્રીને આ અંગે સત્તા હોવાનો કોંગ્રેસ પક્ષના દંડક ડો.સી.જે. ચાવડાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી આ અંગે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ સને ૨૦૦૮થી મારા અગાઉના પૂર્વ અધ્યક્ષશ્રીઓએ સમય ફાળવણી નક્કી કરેલ છે, જે સંસદ તથા અન્ય રાજ્ય વિધાનસભા, મંડળોમાં પણ છે, તે ધ્યાને લઇને પ્રો–રેટા મુજબ સમય ફાળવણીનો નિર્ણય કરવામાં આવેલ છે તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૩, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ રજૂ કરી. તથા સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૬ તથા પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૭ માનનીય જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧,૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૩, ૧૪ અને ૧૬, માગણી ક્રમાંક–૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭, માગણી ક્રમાંક–૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ માગણી ક્રમાંક–૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૭ અને ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
(૩) શ્રી હાર્દિક પટેલ ( પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨–૦૦ થી ૧૨–૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી હાર્દિક પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી ભગાભાઇ બારડ
(૫) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૬) શ્રી હર્ષદભાઇ પટેલ
(૭) શ્રી ઉદયભાઇ કાનગડ
(૮) શ્રી દેવાભાઇ માલમ
(૯) શ્રી મનુભાઇ પટેલ
(૧૦) શ્રી ચૈતન્યસિંહ ઝાલા
(૧૧) શ્રી સુખાજી ઠાકોર
(૧૨) શ્રી ધવલસિંહ ઝાલા

ત્યારબાદ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની માગણીઓ ઉપરની તેમજ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપવાનો શરૂ કર્યો. (પ્રવચન અધૂરું)

**૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૨–૨૨)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૭ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨, ૨૩, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા ૧૩મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨–૪૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૧મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.